# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

વંચાણે લીધી: ગુજરાત જાહેર સેવા આયોગની તા.25/11/2024 ની અગત્યની જાહેરાત

ગુજરાત જાહેર સેવા આયોગની ઉપર વંચાણે લીધેલ તા.25/11/2024 ની અગત્યની જાહેરાત મુજબ, એક સમયે એક સાથે યોજાયેલ પેપર-1 (ભાગ -1) સામાન્ય અભ્યાસના વિષયની પરીક્ષા સંદર્ભમાં, જે જાહેરાતો પૈકી એક કરતાં વધારે જાહેરાતમાં ઉમેદવારી નોંધાવી હશે તો, તે ઉમેદવારોએ સામાન્ય અભ્યાસનું એક જ પેપર આપવાનું રહેશે, જેમાં મેળવેલ ગુણ, તે પૈકીની અન્ય પરીક્ષા/જાહેરાત માટે પણ ગણાશે, તેમ જાહેર કરવામાં આવેલ.

2. ઉપર મુજબની વિગતે (1) જાહેરાત ક્રમાંક: 73/2024-25 તથા જાહેરાત ક્રમાંક: 113/2024-25 સંદર્ભમાં તા.17/4/2025 ના રોજ એક જ સમયે યોજાયેલ પેપર-1 (ભાગ -2) સંબંધિત વિષયના, (2) જાહેરાત ક્રમાંક: 81/2024-25 તથા જાહેરાત ક્રમાંક: 111/2024-25 સંદર્ભમાં તા.25/4/2025 ના રોજ એક જ સમયે યોજાયેલ પેપર-1 (ભાગ -2) સંબંધિત વિષયના તથા (3) જાહેરાત ક્રમાંક: 51/2024-25, જાહેરાત ક્રમાંક: 126/2024-25, તથા જાહેરાત ક્રમાંક: 77/2024-25 સંદર્ભમાં તા.27/4/2025 ના રોજ એક જ સમયે યોજાયેલ પેપર-1 : General Studies and Engineering Aptitude વિષયના ઉમેદવારોની એક જ જાહેરાતમાં હાજરીના આધારે ઉક્ત જાહેરાતો પૈકી જેમાં ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હોય, તેવી જાહેરાતોમાં (સમાન સમયે) હાજર-ગેરહાજર હોવા અંગેની વિગત આ સાથે https://virtualview.co.in/AdvtConsent/SearchPage.aspx ઉપર તા.29/05/2025 ના રોજ 12:00 કલાકથી તા.04/06/2025 સુધી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આથી ઉપર મુજબની તમામ જાહેરાતોમાં નોંધાયેલા ઉમેદવારોને આ હાજર-ગેરહાજરની વિગત સાચી અને ખરી હોવાની ખાતરી કરવા વિનંતી છે.

3. (1) ઉપર મુજબની તમામ જાહેરાતોની પરીક્ષાના હાજર-ગેરહાજરની ઉક્ત link થી ઉપલબ્ધ વિગત ચકાસી, જો સાચી અને ખરી જણાય તો નિયત બોકસમાં ☐ માં √ કરવું.

(2) ઉપર મુજબની link થી ઉપલબ્ધ કરાયેલ માહિતીમાં ઉક્ત જાહેરાતો (જે તે તારીખે એક સમયે યોજાયેલ પરીક્ષાઓ સંદર્ભમાં) પૈકી કોઇ જાહેરાતો સંદર્ભની વિગત દર્શાવેલ ન હોય તો અને ઉમેદવારી નોંધાવેલ હોય તો, તેની વિગત જે તે જાહેરાત નંબર સામે તેના Confirmation નંબર ઉમેરવા તથા તે જાહેરાતનો કોલલેટર/અરજી પત્રક, Consent Fee ની પહોંચ (જો લાગુ પડતુ હોય તો) સાથે ફોટાવાળા ઓળખપત્રની pdf અપલોડ કરી **Submit** કરવા વિનંતી છે.

સંયુક્ત સચિવ

તા.28/05/2025 ગુજરાત જાહેર સેવા આયોગ